# ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ
## મહાદેવ દેસાઈ સમાજસેવા સંકુલ તેમજ
## ગ્રામઅર્થશાસ્ત્ર વિભાગ

**પ્રારંભે...**

દેશના નવઘડતર સારુ વિદ્યાર્થીઓને ગ્રામાભિમુખ વૈકલ્પિક વિકાસ કેન્દ્રિત જીવનમૂલ્યો આપનારી કેળવણી ગ્રામ અર્થશાસ્ત્ર વિભાગ આપી રહ્યો છે, વિશ્વવિદ્યાલય અનુદાન આયોગ દ્વારા ગૂજરાત વિદ્યાપીઠને વિશ્વવિદ્યાલય સમકક્ષ માન્યતા પ્રાપ્ત થઈ, પરંતુ ગ્રામઅર્થશાસ્ત્ર વિષય વિદ્યાપીઠના પાયાના વિષયોમાંથી એક વિષય રહ્યો છે, જે સંસ્થાની સ્થાપનાથી શીખવાતો આવ્યો છે. અર્થશાસ્ત્રમાં M.A., અને Ph. D. અમદાવાદ પરિસર ખાતે અને અર્થશાસ્ત્ર B. A. કક્ષાના અભ્યાસક્રમ રાંધેજા પરિસરમાં ચાલી રહ્યા છે. ગ્રામઅર્થશાસ્ત્ર વિભાગ વર્ગ શિક્ષણ; અનુભવમૂલક શિક્ષણ(સંશોધન) અને ૩.સમાજ સાથે અનુબંધ (વિસ્તરણ)ના સંયોજન થકી કેળવણી આપે છે.

**1.અભ્યાસક્રમ**

B.A..અને M..A. સ્તરે અનુક્રમે ત્રણ વર્ષ અને બે વર્ષના અભ્યાસક્રમમાં વિદ્યાર્થીઓને ફરજિયાત પાઠ્યક્રમ (Compolsary) અને પાઠયક્રમમાં વિકલ્પો (Optional) આપવામાં આવે છે, આથી વિદ્યાર્થીઓને પસંદગીનો અવકાશ રહે છે, જે તેઓના રસના વિષયોને પસંદ કરવાની તકો વિસ્તારે છે, ઉપરાંત અન્ય વિદ્યાકીય શાખાઓના વિદ્યાર્થીઓ માટે પસંદગી આધારિત પાઠ્યક્રમો (CBCS) 2018 થી આપવામાં આવે છે.

**૨. સંશોધન**

સંશોધનના કેન્દ્રમાં ગ્રામીણ અર્થતંત્ર અને તેની વસ્તીના વિવિધ આયમો; ગ્રામીણ વ્યવસાયો તથા તેની સમસ્યાઓ; ગ્રામીણ વિકાસ માટે સરકારી તેમ જ અન્ય સંસ્થાઓના કાર્યક્રમના અભ્યાસો; કુદરતી સંસાધનના સંદર્ભો, જેવી બાબતોનો સમાવેશ થાય છે. 21 મી સદીના પ્રારંભથી લગભગ  બધા અભ્યાસમાં ગાંધીવિચારનો સંદર્ભ ઉમેરાયો છે., M. A. કક્ષાએ વિદ્યાર્થીને ગ્રામજીવનના પ્રત્યક્ષ પાઠ મળી શકે એ હેતુથી એક માસના કેન્દ્રનિવાસનો પ્રારંભ 2006 થી તથા B.A. કક્ષાએ 2009 થી પંદર દિવસનો ક્ષેત્રનિવાસ શરૂ કરાયો. આ નિવાસ દરમિયાન એકત્રિત થયેલી પ્રાથમિક અને દ્વિતીય માહિતી આધારિત હેવાલનું મૂલ્યાંકન કરવામાં આવે છે . **Ph. D.માં** અભ્યાસ સારુ વિશ્વવિદ્યાલય અનુદાન આયોગ (UGC)ના અધિનિયમ 2019 ના આધારે પ્રવેશપરીક્ષા ઉત્તીર્ણ કરવી અનિવાર્ય છે.

**૩. સમાજ સાથેનો અનુબંધ**

2007 થી શરુ થયેલી ગ્રામજીવન પદયાત્રાનો એક મહત્વનો ઉદ્દેશ સ્થળ આધારિત સ્વાધ્યાય દ્વારા વિભાગને સમાજ સાથે અનુબંધિત કરવાનો છે. રાષ્ટ્રીય સેવા યોજના (NSS)ની શિબિર અને સામાજિક ક્ષેત્રે વિવિધ પ્રવૃત્તિઓ સાથે જોડાઈને વિદ્યાર્થીઓમાં સામાજિક પ્રશ્નો તરફ અભિમુખ અને દાયિત્વની ભાવનાનું દ્રઢીકરણ કરવામાં સહાય કરે છે.

| **વિભાગનાં અધ્યાપકો** | **વિશેષ ક્ષેત્ર** |
|---|---|
| **૧. પ્રા. હસમુખ દેસાઈ (અધ્યક્ષ)** | સહકારી પ્રવૃત્તિ, ડેરીક્ષેત્ર |
| **૨. પ્રા. નિમિષા શુકલ** | પર્યાવરણીય અર્થશાસ્ત્ર, ગાંધીના આર્થિક વિચારો |
| **૩. પ્રા. મંજુલા ડાભી** | જાહેર અર્થશાસ્ત્ર, શિક્ષણનું અર્થશાસ્ત્ર |
| **૪. પ્રા. નરેશ ચૌહાણ** | સ્વાસ્થ્યનું અર્થશાસ્ત્ર |
| **૫. પ્રા. ધારા વાઘડિયા** | કુદરતી સંસાધનોનું અર્થશાસ્ત્ર |
| **૬. પ્રા. કૈલાશ ભોયે** | જંગલવ્યવસ્થાપન નીતિ |
| **૭. નશેમન બંદૂકવાલા** | માનવ વિકાસ અને તેનાં વિવિધ પરિમાણો |